RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 77* Date: 12.01.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આંદોલનકારી ખેડૂતોની પડખે સુપ્રિમઃ મોદી સરકારની ઝાટકણી કાઢી

# કૃષિ કાયદા પર તમે રોક લગાવશો કે અમે પગલાં ભરીએ?

**આ મામલે આજે વધુ સુનાવણી હાથ ધરાશે, તમે મામલાને હેન્ડલ નથી કરી રહ્યા, અમારે જ પગલાં લેવાં પડશે, કોર્ટે પૂછ્યું કે થોડા સમય માટે પ્રતિબંધ લગાવવામાં વાંધો શુ છે?**

*ન્યુ દિલ્હી,તા.૧૧*

સુપ્રીમ કોર્ટે કૃષિ કાનૂનો પર આજે સખત વલણ અપનાવતાં સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે સરકારને સીધો સવાલ કર્યો કે તે કાનૂનને સ્થગિત કરે છે કે પછી તેના પર રોક લગાવી દે? કોર્ટે કહ્યું કે ખેડૂતોની ચિંતાઓને કમિટીની સામે રાખવાની જરૂર છે. તેમણે પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા આર એમ લોઢાની અધ્યક્ષતામાં કમિટિ બનાવવાનું સૂચન પણ આપ્યું. લોઢા સ્પોટ ફિક્સિંગ મામલામાં બનાવાયેલી કમિટિના અધ્યક્ષ પણ હતા. કોર્ટે ખેડૂત આંદોલન પર સરકારના વિવાદને ઉકેલવાની રીત સામે પણ નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સરકારને તીખા સવાલો પણ પુછ્યા હતા. નોંધનીય છે કે આ મામલાને કાલે ફરીથી સાંભળવામાં આવશે અને તેમાં કમિટીના ગઠનને લઈને મોટો નિર્ણય સામે આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને કહ્યું કે અમે નથી સમજતાં કે તમે યોગ્ય રીતે મામલાને હેન્ડલ કર્યો છે. કોર્ટે કહ્યું કે, અમે અત્યારે કાનૂનના મેરિટ પર જઈ રહ્યા નથી પણ અમારી ચિંતા હાલની ગ્રાઉન્ડ સ્થિતિને લઈને છે જે ખેડૂતોના પ્રદર્શનને કારણે થઈ છે.

ખેડૂત સંગઠનોના વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે, અમે ૨૬ જાન્યુઆરીને ટ્રેક્ટર માર્ચ કરવા જઈ રહ્યા નથી. તેઓએ કહ્યું કે આટલો મહત્વપુર્ણ કાયદો કેવી રીતે સંસદમાં ચર્ચા વગર ધ્વનિમતથી પાસ કરી દેવાયો.

ચીફ જસ્ટિસે કહ્યું કે અમને ખુશી થઈ છે કે દવેએ આમ કહ્યું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે પ્રદર્શનની વિરોધમાં નથી પણ જો કાનૂન પર રોક લગાવી દેવામાં આવે છે તો ખેડૂત શું પ્રદર્શન સ્થળથી પોતાના ઘરે પરત જતાં રહેશે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ખેડૂત કાનૂન પરત ખેંચવા ઈચ્છે છે જ્યારે સરકાર મુદ્દાઓ પર વાત કરવા માગે છે. અમે અત્યારે કમિટી બનાવીશું અને કમિટીની વાતચીત ચાલુ રહેવા સુધી




કાનૂનના અમલ પર અમે સ્ટે મૂકીશું.

જ્યારે સોલિસિટર જનરલે કમિટી માટે નામની ભલામણ માટે એક દિવસનો સમય માગ્યો તો CJIએ કહ્યું કે, અમે રિટાયર થઈ રહ્યા છીએ. અમે આદેશ જાહેર કરીશું. તેના પર એટોર્ની જનરલે કહ્યું કે, આદેશને કાલે આપજો, ઉતાવળ ન કરો. તો સીજેઆઈએ કહ્યું કે, કેમ નહીં? અમે તમને બહુ લાંબો રસ્તો આપ્યો છે. અમને ધીરજ પર લેક્ચર ન આપો. અમે નક્કી કરીશું કે ક્યારે આદેશ આપવાનો છે. અમે આદેશનો અમુક ભાગ આજે આપી શકીએ છીએ અને બાકીનો કાલે.

વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે, જો કોર્ટ કાનૂન પર રોક લગાવે છે તો ખેડૂત પોતાનું આંદોલન પરત લઈ લે. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે મિસ્ટર સાલ્વે, બધું એક આદેશથી હાંસલ કરી શકાતું નથી. ખેડૂત કમિટી પાસે જશે. કોર્ટ એ આદેશ પારિત કરી શકતી નથી કે નાગરિક પ્રદર્શન કરી શકતા નથી. સ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થઈ રહી છે. ખેડૂત આત્મહત્યા કરી રહ્યા છે. ખેડૂત કાયદાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. તેઓને પોતાની સમસ્યાઓ કમિટીને સામે કહેવા દો. આ કમિટીના રિપોર્ટ ફાઈલ કર્યા બાદ કાનૂન પર કોઈ નિર્ણય લેવામાં આવશે. ચીફ જસ્ટિસે કહ્યું કે કોર્ટ કોઈપણ નાગરિકને એ આદેશ આપી શકતી નથી કે તમે પ્રદર્શન ના કરો. હા એ ચોક્કસ કહી શકાય કે તમે આ જગ્યાએ પ્રદર્શન કરો. જો કોઈ ઘટના બને છે તો તેના માટે જવાબદાર બધા રહેશે. ચીફ જસ્ટિસે કહ્યું કે અમને લાગે છે કે જે રીતે ધરણા પ્રદર્શન પર હરકતો (ઢોલ-નગારા વગેરે) થઇ રહી છે તેને જોતા લાગે છે કે એક દિવસ શાંતિપૂર્ણ પ્રદર્શનમાં કંઈક ઘટિત થઈ શકે છે. અમે નથી ઈચ્છતા કે કોઈ ઘાયલ થાય.

### ત્રીજી ટેસ્ટ મેચ ડ્રો, ઓસ્ટ્રેલિયાના જીતવાના મનસૂબા પર પાણી ફરી વળ્યું

# વેલ ડન ટીમ ઇન્ડિયાઃ સિડની ટેસ્ટમાં વિહારી-અશ્વિન ભારત માટે દિવાલ બન્યા

*સિડની,તા.૧૧*

ભારત અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સિડનીમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ ડ્રો થઇ છે. આ મેચને ડ્રો કરાવવામાં આર અશ્વિન અને હનુમા વિહારીનું મોટું યોગદાન રહ્યું. હનુમા વિહારી અને અશ્વિને ૨૫૬ બોલમાં અણનમ ૬૨ રનની પાર્ટનરશિપ કરી હતી. હનુમા વિહારીએ ઈજાગ્રસ્ત હોવા છતાં ૧૬૧ બોલમાં ૨૩ રન કર્યા હતા.

હનુમા વિહારીને બીજી પારીમાં બેટિંગ દરમિયાન ઈજા પહોંચી હતી. તે રન પણ દોડી શકતો નહોતો. પરંતુ તેમ છતાં તેણે મેચ ડ્રો કરાવી હતી. હનુમા વિહારીની આ પારીના વખાણ આઈસીસીએ પણ કર્યા છે.

આઈસીસીએ ટ્વિટ કરી સિડની ટેસ્ટ મેચના પાંચમાં દિવસે હનુમા વિહારીના ઉત્સાહને સલામ કર્યો છે. રવિચંદ્રન અશ્વિન અને હનુમા વિહારીએ છઠ્ઠી વિકેટ માટે ૨૫૮ બોલમાં ૬૨ રનની ભાગીદારી કરી. અશ્વિને ૧૨૮ બોલમાં ૭ ફોરની મદદથી ૩૯ રન કર્યા. જ્યારે વિહારીએ ૧૬૧ બોલમાં ૪ ફોરની મદદથી ૨૩ રન કર્યા. આ છઠ્ઠી વિકેટ માટે બોલના માર્જિનથી સૌથી મોટી પાર્ટનરશિપ છે.

ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયાને ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં પાંચમાં દિવસે ભારતે બીજી પારીમાં પાંચ વિકેટ ગુમાવી ૩૩૪ રન કર્યા. દિવસના અંતે એક ઓવર બાકી રહેતાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને મેચ ડ્રો કરવાની જાહેરાત કરી હતી. હવે ૧૫ જાન્યુઆરીએ બ્રિસ્બેનમાં ચોથી ટેસ્ટ રમાશે.

જ્યારે પ્રથમ પારીમાં પેટ કમિંસના બોલ પર ઈજાગ્રસ્ત થયેલા ઋષભ પંતે ૧૧૮ બોલમાં ૯૭ રન કર્યા હતા. જેના કારણે ઓસ્ટ્રેલિયાના જીતના સપના પર પાણી ફરી વળ્યું હતું. ઉપરાંત અશ્વિને ૧૨૮ બોલમાં ૩૯ રનની અણનમ પારી રમી. ભારતને જીત માટે ૪૦૭ રનની જરૂર હતી. પરંતુ ચોથા દિવસે રોહિત શર્મા (૫૨) અને શુભમન ગિલ (૩૧) રને આઉટ થયા બાદ ઓસ્ટ્રેલિયાની જીત નિશ્ચિત લાગવા લાગી હતી.

જ્યારે પાંચમાં દિવસે શરૂઆતની છ ઓવરમાં ભારતના



કેપ્ટન અજિંક્ય રહાણે વિકેટ ગુમાવી હતી. રહાણે ચોથા દિવસના સ્કોરમાં એક રન પણ ન કરી શક્યો અને ચાર રને જ પેવેલિયન પરત ફર્યો હતો. રહાણે આઉટ થતાં ઓસ્ટ્રેલિયાની જીત દેખાઈ રહી હતી. પરંતુ તે બાત પુજારા અને પંતે ચોથી વિકેટ માટે ૧૪૮ રનની ભાગીદારી કરી હતી. પુજારા ૨૦૫ બોલમાં ૭૭ રન કરી જોશ હેઝલવુડના બોલ પર આઉટ થયો. જ્યારે પંતે ૧૧૮ બોલમાં ૯૭ રન કર્યા હતા. જે બાદ હનુમા વિહારી અને રવિચંદ્રન અશ્વિને પારી સંભાળી અને મેચ ડ્રો સુધી ખેંચવામાં મહત્વની ભૂમિકા ભજવી.

ટીમ ઈન્ડિયાએ ૪૦ બાદ ટાર્ગેટ ચેઝ કરતાં ચોથી પારીમાં સૌથી વધુ ઓવર બેટિંગ કરી. આ પહેલાં ૧૯૭૯-૮૦માં ભારતે પાકિસ્તાન વિરુદ્ધ ૧૩૧ ઓવર બેટિંગ કરી મેચ બચાવી હતી. ઓવરઓલ ભારતે પાંચમી વખત સૌથી વધુ બેટિંગ કરી મેચ બચાવી. ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૯૭૯માં ભારતે ૧૫૦.૫ ઓવર બેટિંગ કરી હતી.

### નોર્થ પૉલ ક્રોસ કરીને સાન ફ્રાન્સિસ્કોથી બેંગુલુરૂ પહોંચી

# એર ઈન્ડિયાની ચાર મહિલા પાયલટોએ ૧૬૦૦૦ કિમીનું અંતર કાપી ઈતિહાસ રચ્યો

બેંગ્લુરુ,તા.૧૧

એર ઈન્ડિયાની મહિલા પાઈલટોએ સૌથી લાંબા મનાતા ઉડ્ડયન માર્ગને સફળતાથી પાર કરી ઉત્તર ધ્રુવ પર ઊડ્ડયન કરીને એક નવો ઈતિહાસ સર્જ્યો હતો. સાન ફ્રાન્સિસ્કોથી ઉત્તર ધ્રુવ થઈને આ ફ્લાઈટ બેંગાલુરુ પહોંચી હતી.

એર ઈન્ડિયાએ આ મહિલા ટીમને બિરદાવતાં ટ્વીટ કરી હતી કે વેલકમ હોમ. અમને તમારા પર ગર્વ છે. અમે છેં૧૭૬ ફ્લાઈટના તમામ પેસેંજર્સને અભિનંદન આપીએ છીએ જેઓ આ ઐતિહાસિક પ્રવાસના સાક્ષી બન્યા. આ ફ્લાઈટમાં તમામ સ્ટાફ મહિલાઓનો બનેલો હતો. એ લોકોએ ૧૬ હજાર કિલોમીટરનું અંતર સફળતાથી કાપ્યું હતું

આ ફ્લાઇટને લોકેશનની વિગત સોશ્યલ મિડિયા દ્વારા એર ઈન્ડિયા પોતે આપતું રહ્યું હતું. મુખ્ય પાઈલટ તરીકે ઝોયા અગ્રવાલ હતી. તેના સહાયક પાઈલટોમાં પાપાગરી તન્મય, કેપ્ટન શિવાની અને કેપ્ટન આકાંક્ષા સોનવણે હતી. એર ઈન્ડિયાના ઈતિહાસમાં મહિલા પાઈલટો દ્વારા મેળવવામાં આવેલી આ પહેલવહેલી ઐતિહાસિક સિદ્ધિ હતી.ઉડ્ડયન શરૂ કરતાં પહેલાં કેપ્ટન ઝોયાએ કહ્યું કે અમારી પહેલાં પણ નોર્થ પૉલ સુધી ઉડ્ડયન થયું છે. અમારી સિદ્ધિ એટલા માટે અલગ હતી કે અમારી ફ્લાઈટમાં તમામ સ્ટાફ મહિલાઓનો બનેલો હતો. ભારતની પુત્રીઓએ અમેરિકાની સિલિકોન વેલીથી ભારતની સિલિકોન વેલી સુધી ઉડ્ડયન કરી બતાવ્યું હતું.

સાન ફ્રાન્સિસ્કોથી વિમાન રવાના થયું ત્યારે મુલકી ઉડ્ડયન ખાતાના પ્રધાન હરદીપ પુરીએ ટ્વીટર પર લખ્યું હતું કે કૉકપીટમાં ટેલેન્ટેડ, વ્યવસાયી અને આત્મવિશ્વાસથી ભરપુર મહિલા પાઈલટોએ સાન ફ્રાન્સિસ્કોથી ઉડ્ડયન શરૂ કર્યું હતું. તેઓ નોર્થ પૉલથી પસાર થશે. અમારી નારી શક્તિએ એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

અન્ય એક ટ્વીટમાં હરદીપ પુરીએ લખ્યું કે સાન ફ્રાન્સિસ્કોથી બેંગાલુરુ સુધીની આ મહિલા ફ્લાઈટના પગલે વંદે ભારત મિશન ખાસ બન્યું હતું. આ મિશને અત્યાર સુધીમાં ૪૬.૫ લાખ લોકોને આંતરરાષ્ટ્રીય પ્રવાસની સુવિધા આપી હતી. અત્યારે વિમાન નોર્થ પૉલ ક્રોસ કરીને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૬૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૨૫૫૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૪૬**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૦૫૧૭**

### દિલ્હી,મહારાષ્ટ્ર,યુપી,એમપી, રાજસ્થાન-ગુજરાતમાં બર્ડ ફ્લુની પુષ્ટિ

# દેશના ૯ રાજ્યોમાં બર્ડ ફ્લૂની દહેશતઃ સરકારે એડવાઈઝરી જાહેર કરી

ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના વાયરસ સંક્રમણની વચ્ચે બર્ડ ફ્લૂ મોટો ખતરો બની રહ્યા છે અને મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં પણ તેની પુષ્ટિ થઇ ચૂકી છે. મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના મુપરમ્બા ગામમાં બર્ડ ફ્લૂથી ૯૦૦ મરઘીના મોત થયા છે. તો દિલ્હીમાં પણ ૮ પક્ષીમાં બર્ડફ્લૂની પુષ્ટિ થઇ છે.

આપને જણાવી દઈએ કે કેરળથી શરૂ થયેલ બર્ડ ફ્લૂ અત્યાર સુધી ૯ રાજ્યોને પોતાની ઝપટમાં લઇ ચૂકયું છે. બર્ડ ફ્લૂ કેરળ સિવાય ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ પહોંચી ચૂકયો છે. આ રાજ્યોમાં કાગડાઓ સિવાય મોટી સંખ્યામાં બીજા પક્ષીઓના મોત થયા છે. ત્યારબાદ ખતરાને જોતા અન્ય રાજ્યોના પશુ અને પક્ષી વિભાગોને એલર્ટ પર રાખી દેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના પરભણી જિલ્લામાં ૯૦૦ મરઘીઓનાં મોત પછી નમૂનાઓ ભોપાલ લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં અહેવાલમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઇ છે. ત્યારબાદ ૧ કિલોમીટરના અંતર્ગત આવતા તમામ પોલ્ટ્રી ફાર્મમાં હાજર તમામ મરઘાં અને અન્ય પક્ષીઓને ખત્મ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની સાથે જ ૧૦ કિમીની અંદર આવતા તમામ પક્ષીઓની ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રશાસને આ ગામને સંક્રમિત ઝોન જાહેર કર્યો છે અને ગામના તમામ લોકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

બર્ડ ફ્લૂના જોખમને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે કડક પગલા લીધા છે અને ૧૦ દિવસ માટે પૂર્વ દિલ્હીની ગાઝીપુર મુર્ગા મંડીને બંધ કરી દીધી છે. આ સિવાય સરકારે જીવંત પક્ષીઓની આયાત પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

કેન્દ્ર સરકારે બર્ડ ફ્લૂના જોખમ પર નજર રાખવા માટે કંટ્રોલ રૂમ બનાવ્યો છે અને કેન્દ્રીય પશુપાલન મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને જરૂરી દિશા નિર્દેશ રજૂ કરી દીધો છે. તેની સાથે જ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની કેટલીક ટીમો ઘણા રાજયોના અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી છે જેની દેખરેખ રાખવી જોઈએ.દિલ્હીમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે. દિલ્હીના પશુપાલન વિભાગના જણાવ્યા અનુસાર અહીં માર્યા ગયેલા કાગડાઓ અને બતકના આઠ નમૂનાઓનું પરીક્ષણ કર્યા બાદ એવિયન ફ્લૂ (એચ ૫ એન ૧) ની પુષ્ટિ થઈ છે. તમામ નમૂનાઓ પોઝિટીવ હોવાનું જાણવા મળ્યું છે. આ પછી પુષ્ટિ થઈ ગઈ છે કે દિલ્હીમાં પણ બર્ડ ફ્લૂએ દસ્તક આપી દીધી છે.

# કેન્દ્ર સરકારે સીરમ ઈન્સ્ટિટ્યૂટને કોવીશીલ્ડ વેક્સિનનો ઓર્ડર આપ્યો

*ન્યુ દિલ્હી,તા.૧૧*

કેન્દ્ર સરકારે ઓક્સફોર્ડ-એસ્ટ્રેજેનેકાની વેક્સિન કોવીશીલ્ડ માટે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાને ઓર્ડર આપી દીધો છે. SIIના અધિકારીઓએ સોમવારે આ માહિતી આપી. વેક્સિનના એક ડોઝની કિંમત ૨૦૦ રૂપિયા હશે. કોવીશીલ્ડના દર સપ્તાહે એક કરોડથી વધુ ડોઝની સપ્લાઈ કરવામાં આવી શકે છે. સરકારે વેક્સિનેશન માટે ૧૬ જાન્યુઆરીની તારીખ નક્કી કરી છે. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ત્રણ જાન્યુઆરીએ કોવીશીલ્ડને મંજૂરી આપી હતી. જેની ઈફેક્ટિવનેસ અંગે અલગ અલગ વાત સામે આવી છે. એસ્ટ્રાજેનેકાએ વેક્સિનની ઓવરઓલ ઈફેક્ટિવનેસ ૯૦% સુધી હોવાનો દાવો કર્યો હતો.

આ અંગે ભારતીય રેગ્યુલેટરનું માનવું છે કે આ વેક્સિન ૭૦% સુધી ઈફેક્ટિવ છે. આ પ્રકારની અલગ અલગ માહિતી સામે આવી રહી છે તો બ્રિટિશ અને ભારતીય રેગ્યુલેટરના અભ્યાસને જાણવો જરૂરી બની ગયો છે.

કોવીશીલ્ડ અથવા AZD1222ને ઓક્સફોર્ડ યૂનિવર્સિટી અને તેની કંપની વેક્સીટેકે મળીને બનાવી છે. જેમાં ચિમ્પાઝીમાં ઠંડીના કારણે બનનારા વાઈરસ(એડેનોવાઈરસ)ને નબળા કરીને ઉપયોગ કરાયા છે. જેમાં SARS-CoV-2 એટલે કે નોવેલ કોરોના વાઈરસના જેનેટિક મટેરિયલ છે.

વેક્સિનેશન દ્વારા સરફેટ સ્પાઈક પ્રોટીન બને છે અને આ SARS-CoV-2 વિરુદ્ધ ઈમ્યુન સિસ્ટમ બનાવે છે. જેથી ભવિષ્યમાં જો નોવેલ કોરોનાવાઈરસ હુમલો કરે તો શરીર તેનો મજબૂતાઈથી જવાબ આપી શકે.

## તંત્રી સ્થાનેથી...

# કેરલ રાજ્યની શાક-ફળોની MSP તરાહ પર અન્ય રાજ્યો જશે....?

દેશમાં કોરોના મહામારી બાદ મોંઘવારીએ માઝા મૂકી છે. લોકો મોંઘવારી સહિતના વિવિધ પ્રશ્ને બેહદ પરેશાન થઈ ગયા છે તેમાં પણ ગૃહિણીઓ વધુ પરેશાન છે.... કારણ કે એક તરફ દરેક પ્રકારના કૃષિ ધાનોના ભાવ વધી ગયા છે તો શાકભાજી ફળો વગેરેના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે અને તેમાં પણ રાંધણ ગેસના ભાવો વધતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઇ ગયું છે. કેન્દ્ર સરકાર દેશમાં કોરોનાને નાથવા માટે કોરોના વેક્સિન આમ પ્રજાને પહોંચી શકે તે માટે ખાસ પ્રોજેક્ટ બનાવી દરેક પ્રકારનું દરેક સ્તરનું આયોજન કરી દીધેલ છે... જેમાં પ્રથમ તબક્કે કોરોના વોરિયર્સને રસી આપવામાં આવશે ત્યારબાદ ૫૦ ઉપરની ઉંમર ધરાવતા સિનિયર સિટીઝનોને રસી આપવામાં આવનાર છે. પરંતુ સરકાર રસીની કિંમત લેવાની છે કે નહીં તે બાબતે સ્પષ્ટતા કરી નથી... અને આવા સમયે બિહારના મુખ્યમંત્રીએ તથા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ પોતાના રાજ્યના લોકોને કોરોના વેક્સિન મફત આપવાની જાહેરાત કરી દીધી છે. તો દિલ્હીની કેજરીવાલ સરકાર પણ આ લાઈનમાં છે. જ્યારે કેન્દ્ર સરકાર દેશમાં ઉત્પાદન થનાર વેક્સિન કિંમત બાબતે કોઈ નિર્ણય કર્યો નથી.....! તેમજ વિદેશથી કોરોના રસી આયાત કરવાનું આયોજન કર્યા છતાં કિંમત નક્કી થઈ શકી નથી છતાં આમ પ્રજાને મોદીજી ઉપર વિશ્વાસ છે કે કોરોના વેક્સિન આમ પ્રજાને મફત આપશે.....!?

દેશમાં મોંઘવારી બાબતે સત્તાધારી પક્ષ ન બોલે પરંતુ વિરોધ પક્ષો મોંઘવારી શબ્દ માત્ર પ્રજા સામે વાપરે છે ખરા પરંતુ મોંઘવારીને મુદ્દો બનાવવાથી દૂર રહ્યા છે....! જેના કારણે આમ પ્રજા પણ એવો મત ધરાવતી થઈ ગઈ છે કે કોઈપણ પક્ષ સત્તા ઉપર આવે પરંતુ સત્તા મળતા મોંઘવારી શબ્દને વિસરી જવામાં આવે છે.....! ત્યારે પ્રેક્ટીકલ રીતે કેરલ રાજ્ય સરકારે થોડા ત્રણેક મહિના પહેલા શાકભાજી માટે મોટો નિર્ણય કર્યો અને વિવિધ શાકભાજીના ખેડૂતો માટેના એમએસપી (ભાવો) નક્કી કરી ખેડૂતોને અને આમ પ્રજાને મોટી રાહત આપી છે. પરિણામે પ્રજા અને ખેડૂતોમાં ખુશી ફરી વળી છે. તેમાં શાકભાજી ઉત્પાદન કિંમતથી ૨૦ ટકા વધુ ભાવો રહેશે. તે સાથે ખાવા પીવાની ૨૧ ચીજોની પણ સ્જૌં કિમતો નક્કી કરી દીધી છે. તે સાથે શાકભાજી માટે ૧૦૦૦ સ્ટોર શરૂ કરી દીધા છે. સરકારે નક્કી કરેલ નીતિ અનુસાર બજારકિંમત ઘટે તો પાકને આધાર બનાવશે. સરકાર ખેડૂતો પાસેથી ખરીદી લેશે તેમજ શાકભાજીને ક્વોલીટી અનુસાર વહેંચવામાં આવશે. શાકભાજીના એમએસપી નક્કી થતા ખેડૂતોને ફળો અને શાકભાજી ઉગાડવા માટે પ્રેરણા મળશે.ઊઊ આ યોજનાને કારણે ૧૫ એકર સુધી માં ખેતી કરનારા ખેડૂતોને ફાયદો થશે. હાલના ભાવ ચાલી રહ્યા છે તે જોઈએ તો પ્રતિ કિલો અનુસાર સુરણ રૂપિયા ૧૨/ કેળા-૩૦, કારેલા-૩૦, અનાનસ-૧૫, દુધી-૯ કાકડી- ૮, ગવાર-૩૪,ફણસી-૨૮, ગાજર- ૨૧ શકરીયા-૨૧,તુરીયા- ૧૬,ભીડા-૨૦, ટમાટર-૮,રૂપિયા નક્કી કર્યા છે. એમએસપી નક્કી થતા આમ પ્રજાને પણ મોટો ફાયદો થયો છે વેપાર કરનાર નક્કી કરેલ ભાવથી ૫ કે ૧૦ ટકા સુધીનો નફો લઈ શકે છે જે હાલની સ્થિતિ છે. ત્યારે અન્ય રાજ્યોમાં પણ કિસાનોએ આ રીતે અમલ કરવા માંગ શરૂ કરી છે. ત્યારે રાજ્ય સરકારો કેરલના રસ્તે જવા તૈયાર થશે કે કેમ...?તેવો સવાલ આમ પ્રજામાં પૂછાઈ રહ્યો છે.....!?

## દરેક જિલ્લાના એક ગામને પ્રાકૃતિક કૃષિ આદર્શ ગ્રામ તરીકે વિકસાવવામાં આવશે

# નર્મદાના પોઇચા નિલકંઠધામ ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી વિષયક દ્વિદિવસીય “વિચાર ગોષ્ઠિ” નો રાજ્યપાલે કરાવ્યો પ્રારંભ

રાજપીપલાતા ૧૧

ગાય માતા પ્રાકૃતિક ખેતીનો મૂળ આધાર છે તેવી લાગણી વ્યક્ત કરતાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી અને ગાયોનો ઉછેર એ ભારતીય સંસ્કૃતિની વિચારધારા સાથે સુસંગત ઈશ્વરીય કાર્ય છે તેમણે ગુજરાતના ખેડૂતો આ બંને આયામો સાથે ખૂબ મોટા પ્રમાણમાં જોડાય એવો અનુરોધ કરતા કહ્યું કે, તેનાથી સમાજને વ્યાપક લાભો થશે. તેમણે પ્રાકૃતિક ખેતી અને ગૌપાલનને રાજયમાં જન અભિયાન બનાવવાની હિમાયત કરવાની સાથે રાજ્ય સરકારના આ બંને બાબતોને પ્રોત્સાહિત કરતા અભિગમ માટે મુખ્યમંત્રી તથા રાજ્ય સરકારને ધન્યવાદ આપ્યા હતા.

પ.પૂ.સંતશ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીજીના આશિર્વાદથી અને સંતશ્રી કૈવલ સ્વામીજી, શ્રીજી ચરણ સ્વામીજી, ચૈતન્ય સ્વરૂપ સ્વામીજી, મુખ્ય સંયોજક પ્રફુલભાઇ સેજલિયા સહિત ગુજરાતના તમામ જિલ્લાના સંયોજકોસહસંયોજકો અને પ્રગતિશીલ ખેડૂત ભાઇ-બહેનોની ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઇચા નિલકંઠધામ ખાતે આજથી યોજાયેલી દ્વિદિવસીય સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ વિષયક “વિચાર ગોષ્ઠિ” ને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ સાથે સંલગ્ન રાજ્યના તમામ જિલ્લાના સંયોજક, સહ-સંયોજક અને કન્વિનરોની “વિચાર ગોષ્ઠિ” નો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત સરકારે ગાય આધારિત કુદરતી ખેતીને પ્રોત્સાહિત કરવા ગયા વર્ષે ૧.૦૫ લાખ ખેડૂત લાભાર્થીઓને દેશી ઓલાદની ગાયો આપી તેનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આગામી વર્ષમાં બે લાખ ખેડૂતોને દેશી ઓલાદની ગાયો આપવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે.તેની સાથે મુખ્યમંત્રી પ્રેરિત સાત પગલાં કિસાન કલ્યાણના આયોજન હેઠળ દેશી ગાય પાલક ખેડૂતોને મહિને રૂ.૯૦૦/- નો નિભાવ ખર્ચ આપવાની યોજના પણ આ અભિયાનને વેગ આપશે, તેમ તેમણે ઉમેર્યું હતું. આગામી વર્ષમાં



૨ લાખથી પણ વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીમાં જોડાશે તેમ જણાવી વડાપ્રધાનના આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં સરકાર કટિબધ્ધ છે અને ગુજરાત સમગ્ર દેશ માટે આ દિશામાં અગ્રેસર રહેશે તેવી પ્રતિબધ્ધતા પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ એક ઈશ્વરીય કાર્ય છે. રાજ્ય સરકારના સહયોગથી પ્રત્યેક જિલ્લાના એક ગામને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના મોડેલ વિલેજ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે અને રાજ્યના તમામ જિલ્લાઓમાં આ વિષયને આવરી લેતો માર્ગદર્શક ખેડૂત સંવાદ યોજવાનું આયોજન છે. તેમણે સંકેત આપ્યો કે રાજ્ય સરકાર ગાય આધારિત કુદરતી ખેતીના ઉત્પાદનો માટે વળતરયુક્ત બજાર વ્યવસ્થા ગોઠવવાની દિશામાં પગલાં લઈ રહી છે અને રાજ્યની ઓર્ગેનિક યુનિવર્સિટીમાં પ્રાકૃતિક ખેતી વિભાગ શરૂ કરવાની વિચારણા છે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# ૧૪ જાન્યુઆરીએ વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા ચીનમાં કોરોના તપાસ માટે જશે



*જિનિવા,તા.૧૧*

કોરોના વાયરસની ઉત્પતિ માટે ચીન આખરે તૈયાર થઈ ગયું છે. ચીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ટીમને પોતાના ત્યાં આવવા અને તપાસ કરવા માટે મંજૂરી આપી દીધી છે. હવે ૧૪ જાન્યુઆરી એટલે કે ગુરુવારે WHOની ટીમ ચીનની મુલાકાત લેશે. અને કોરોના સાથે જોડાયેલ જરૂરી આંકડાઓ અને પુરાવાઓ એકત્ર કરશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં જ વિઝાનો ઈશ્યુ ઉઠાવીને ચીને ટીમને આવવા માટે મનાઈ ફરમાવી દીધી હતી.

સોમવારે ચીને જણાવ્યું કે, WHOના એક્સપર્ટની એક ટીમ ગુરુવારે કોરોના વાયરસ મહામારીની ઉત્પતિની તપાસ માટે આવવાની છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે સોમવારે એક ઘોષણામાં કહ્યું કે, WHOના એક્સપર્ટ ચીની સમકક્ષો સાથે બેઠક કરશે, પણ જો કે આ બેઠકની કોઈ જાણકારી આપવામાં આવી નથી.

જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે WHOની ટીમ વુહાનની મુલાકાત કરશે કે નહીં. ચીને તેને લઈને હજુ સુધી કોઈ ફોડ પાડ્યો નથી. વાયરસની વુહાનમાં ઉત્પતિને લઈને ઉઠેલાં અઢળક સવાલો ઉઠ્યા હતા. જો કે બેઈજિંગે આ મામલે એક્સપર્ટની ટીમને તપાસ માટે મંજૂરી આપવામાં વિલંબ લગાવી દીધો હતો. અને હજુ પણ ચીન દ્વારા WHO ટીમની વુહાન મુલાકાતને લઈ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. WHOની એક્સપર્ટ ટીમની ચીન યાત્રા માટે લાંબા સમયથી વાટાઘાટો કરી રહ્યા છે. WHO પ્રમુખ ટ્રેડ્રોસ એડહૈનમ ઘેબ્રયેસિસએ ગત અઠવાડિયે વિલંબ પર નિરાશા વ્યક્ત કરતાં કહ્યું કે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક ટીમના સભ્યો પોતાના દેશોખી પ્રસ્થાન કરી રહ્યા છે અને WHO તેમજ ચીની સરકાર વચ્ચે એક વ્યવસ્થાના ભાગરૂપે પોતાની યાત્રા શરૂ કરી ચૂક્યા છે.

# બિહારના રાજકારણમાં ખળભળાટ: ભાજપ-આરજેડી આમને-સામને

પટના,તા.૧૧

બિહારમાં ભલે સરકાર બની ગઇ હોય પરંતુ અહીં બધું જ બરાબર ચાલી રહ્યું નથી. નીતીશકુમાર ભાજપ પર નિશાન સાંધી રહ્યા છે તો રાષ્ટ્રીય જનતા દળ જેડીયુને તોડવાનો દાવો કરી રહ્યા છે. આ સિલસિલામાં હવે બિહાર ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવએ નવો દાવો કર્યો છે. ભુપેન્દ્ર યાદવે તેજસ્વી યાદવને કહ્યું કે મકરસંક્રાંતિ બાદ તેઓ પોતાની પાર્ટીને બચાવી શકે તો બચાવી લે નહીં તો તેમની પાર્ટીમાં તિરાડ પડવાનું નક્કી છે.

ભુપેન્દ્ર યાદવે કહ્યું કે આરજેડીમાં લાલુના પરિવારવાદથી નેતાઓમાં ગુસ્સો છે. તેમણે દાવો કર્યો કે સંક્રાંતિ બાદ તેમની પાર્ટી તૂટવાથી બચાવી શકશે નહીં. ભુપેન્દ્ર યાદવ રવિવારના રોજ પટના જિલ્લા કાર્યસમિતિની બેઠકના અંતિમ સત્રને સંબોધિત કરી રહ્યા હતા.

ભુપેન્દ્ર યાદવના દાવાનો જવાબ આપવા માટે આરજેડીની તરફથી પાર્ટી પ્રવકતા મૃત્યુંજય તિવારી સામે આવ્યા અને ભુપેન્દ્ર યાદવની ચેતવણીનો જડબાતોડ જવાબ આપ્યો. અમારી ચેલેન્જ છે ભાજપને બિહારમાં જો સરકારને બચાવી શકે તો બચાવી લે. ભાજપ બહુ છટપટ કરશે તો કમુહુર્તામાં જ આરજેડી ખેલ પાડી દેશે અને ભાજપને રફેદફે કરી દેશે. આ આરજેડીની તરફથી ખુલ્લો પડકાર છે.

# અંબાજી પોલીસના નાક નીચે જાહેર બજારમાં વેચાઈ રહ્યો છે દેશી દારૂ, છતાં પોલીસની આંખ બંધ,કેમ કોઈ એક્શન નહિ?

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એવું જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી લાખો કરોડો માઈભક્તોની આસ્થાનું કેન્દ્ર દિવસે અને દહાડે લાખો માઈભક્તો જ્યાં માં અંબે ના દર્શન કરવા આવતા હોય અને આ ધામ જે રાજયમાં આવેલું હોય તે રાજ્યમાં દારૂબંધી હોય પણ દારૂબંધીની ફક્ત મોટી મોટી વાતો થતી હોય તેવું લાગી રહ્યું છે આ શક્તિપીઠ અંબાજી ધામ માં વિદેશી દારૂ સહિત દેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની બુમરાડ અનેકવાર ઉઠવા પામી છે પણ પોલીસ એ આંખ આડા કાન કરી અને પોતાની મસ્તીમાં મસ્ત જોવા મળે છે ત્યારે વાત કરવામાં આવે કે અગાઉ પણ બસ સ્ટેન્ડ થી મેન બજાર તરફ જતા માર્ગ પર દેશી દારૂ વેચતી મહિલા બુટલેગર નો વિડીયો વાયરલ થયો હતો ત્યારે પણ પોલીસે મૌન ધારણ કર્યું હતું ત્યારે બીજી વાર ફરી અંબાજી એસ.ટી ડેપોના મેનેજરે દેશી દારૂ ભરેલો કોથળો પકડી પાડ્યો હતો ત્યારે હવે ફરી એકવાર જાહેર વિસ્તારનો જે જાહેર માર્ગ છે બસ સ્ટેશન ની બાજુ માં આવેલ અનમોલ કોમ્પલેક્ષ તરફ જતા માર્ગ પર એક મહિલા બેફામ રીતે દેશી દારૂનું ધૂમ વેચાણ કરી રહી છે એટલુંજ નહિ જાણે આ મહિલા ને પોલીસ કે સરકારનો કોઇ જાતનો ડર ના હોય તેમ દેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરી રહી છે શું આ મહિલા બુટલેગરને અંબાજી ન બાહોશ પી.આઈ નો કોઈ ડર નથી ? તે વિચારવાની બાબત બની છે કેમ આ મહિલા બૂટલેગરો પર અંબાજી પોલીસ એ આટલી નરમાઇ રાખી રહી છે ? તે ચર્ચાસ્પદ બન્યું છે પવિત્ર યાત્રાધામ અંબાજી નું નામ ખરાબ થતું આવું કૃત્ય કરતા હોય તેમની સામે પણ અંબાજી પોલીસ નાં જવાનો કેમ કોઈ એક્શન લેતા નથી તે એક વિચારવાની બાબત બની છે અંબાજી પોલીસ કઈ લાગણી નાં લીધે આં બૂટલેગરો ની સામે રહેમ દ્રષ્ટિ રાખી રહી છે તે લોકમુખે ચર્ચામાં વેગે ચઢ્યું છે...

અંબાજી પોલીસની નાક નીચે ગોરખધંધા યથાવત તેમ છતાં અંબાજી પોલીસ કોઈ એક્શન મૂળ માં કેમ નહિ ? તે વિચારવાની બાબત

અંબાજી પોલીસ સ્ટેશનથી આશરે ૫૦૦ મીટર દૂર જાહેર બજારમાં એમ કહી શકાય કે અંબાજી પોલીસની નાક નીચે જ્યારે આવું પવિત્ર યાત્રાધામ ને લાંછન લગાડે તેવું કૃત્ય થતું હોય તો અંબાજી પોલીસના જાબાજ પોલીસ ઈન્સ્પેક્ટર ને કેમ સુગંધ નથી આવતી તે વિચારવાની બાબત બની છે જ્યારે અંબાજી પોલીસના નાક નીચે દેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોય તેમ છતાં પોલીસના અધિકારીઓ કેમ કોઈ એક્શન લેતા નથી ? કે પછી આંખ આડા કાન કરી રહ્યા છે તે વિચારવાની બાબત બની છે કેમ મહિલા બૂટલેગરો સામે રહેમ નજર રાખવા માં આવી રહી છે તે લોકમુખે ચર્ચાસ્પદ...

અગાઉ પણ પોલીસનું કામ એસ.ટી ડેપોના મેનેજરે કર્યું હતું. તો હવે પોલીસનું કામ કોણ કરશે...

અગાઉ પણ બસ સ્ટેન્ડ વિસ્તારમાં થી એસ.ટી ડેપો મેનેજર દેશી દારૂ ભરેલો કોથળો પકડી પાડી અને એસ.ટી ડેપો મેનેજર એ સક્રિયતા બતાવી હતી જયારે એસ.ટી ડેપોના મેનેજર આવો દેશી દારૂ નો જથ્થો પકડી શકતા હોય તો શું અંબાજી પોલીસને આ ગોરખધંધા દેખાતા નથી ? તે વિચારવાની બાબત બની છે...

અંબાજી ધામ ને છોડી બહાર તો મોટી મોટી કાર્યવાહીઓ પણ અંબાજીમાં જેશે ચલતે હે વેશે ચલને દો કે નીતિ કેમ ?..

અંબાજી પોલીસે છાપરી બોર્ડર પર બે વાર મોટી મોટી કાર્યવાહીઓ કરી છે જ્યારે અંબાજી ધામ ની અંદર આજ સુધી એક પણ મોટી કાર્યવાહી કે બૂટલેગરો સામે લાલ આંખ અંબાજી પોલીસે કરી નથી જ્યારે વિજિલન્સની ટીમે પણ અંબાજી ધામ માં રેડ કરી અને મસમોટો દારૂ પકડ્યો હોય તો તે સમય અંબાજી પોલીસ નાં જવાનો શું કરતા હતા તે વિચારવાની બાબત બની છે જ્યારે છાપરી બોર્ડર પર ૧૯૪ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો ત્યારે બીજી વાર ૨.૨૭૭ કિલો ગ્રામ અફીણ નો જથ્થો પણ અંબાજી પોલીસના જવાનો પકડી પાડયો હતો તો પછી અંબાજી માં ચાલતા દેશી દારૂના ધંધા સામે કેમ અંબાજી પોલીસના જવાન લાલા આંખ કરતા નથી તે લોક મુખે ચર્ચાસ્પદ બન્યું છે...

અહેવાલઃ-,બનાસકાંઠા બ્યુરો સમાચાર

# સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રામાં એમસીએક્સ પર ૨૩૪૪૬૬ સોદામાં રૂ.૧૪૫૯૪.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં ઘટાડો હતો. માત્ર ગોલ્ડ-ગિનીના વાયદા ઢીલા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ, કપાસ, કોટન, મેન્થા તેલ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૧૧૭ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૩૩૬ અને નીચામાં ૧૫,૦૬૦ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્ર દરમિયાન ૨૭૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૧ પોઈન્ટ વધી ૧૫૨૯૬ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૩,૭૦૦ ખૂલી, ઊપરમાં ૧૩,૭૭૪ અને નીચામાં ૧૩,૬૪૫ સુધી જઈ, પ્રથમ સત્ર દરમિયાન ૧૨૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩૨ પોઈન્ટ ઘટી ૧૩,૭૧૯ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૬૬૦૬૧ સોદાઓમાં રૂ.૮૭૯૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૭૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૯૦ અને નીચામાં રૂ.૪૮૬૩૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૬ વધીને રૂ.૪૯૨૫૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૬૧૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૯ વધીને બંધમાં રૂ.૪૯૨૯૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૬૦૩ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૫૨૦ અને નીચામાં રૂ.૬૩૬૦૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૭૮ વધીને રૂ.૬૫૩૦૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૮૯ વધીને રૂ.૬૫૨૯૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૯૪૭ વધીને રૂ.૬૫૨૯૫ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૫૬૯ સોદાઓમાં રૂ.૧૮૧૧.૧૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૩૧ અને નીચામાં રૂ.૩૭૯૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને રૂ.૩૮૦૬ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૦૩૬ સોદાઓમાં કુલ રૂ.૩૬૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૩૦ અને નીચામાં રૂ.૨૦૯૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૦ ઘટીને રૂ.૨૦૯૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ ઘટીને બંધમાં રૂ.૯૮૭.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૪ અને નીચામાં રૂ.૯૮૬.૨ રહી, અંતે રૂ.૯૮૯.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૧ અને નીચામાં રૂ.૧૧૯૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ ઘટીને રૂ.૧૨૦૩ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૪૩૦ અને નીચામાં રૂ.૧૫,૨૩૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૪ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૨૬૭ બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૪૭૦૫ સોદાઓમાં કુલ રૂ.૪૪૭૭.૪૦ કરોડ ની કીમતનાં ૯૧૨૬.૩૩૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૩૧૩૫૬ સોદાઓમાં કુલ રૂ.૪૩૧૩.૬૬ કરોડ ની કીમતનાં ૬૬૫.૮૦૭ ટન, ક્રૂડ તેલમાં ૫૮૧૯ સોદાઓમાં રૂ.૩૪૦.૪૭ કરોડનાં ૮૯૩૬૦૦ બેરલ્સ, કોટનમાં ૯૬૧ સોદાઓમાં રૂ.૯૩.૩૪ કરોડનાં ૪૪૨૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૦૦૭ સોદાઓમાં રૂ.૨૭૦.૯૪ કરોડનાં ૨૭૫૪૦ ટન, મેન્થા તેલમાં ૨૮ સોદાઓમાં રૂ.૩.૪૩ કરોડનાં ૩૪.૫૬ ટન, કપાસમાં ૨૦ સોદાઓમાં રૂ.૫૦.૫૮ લાખનાં ૮૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૬૯૮૨.૭૨૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૪૬.૨૬૮ ટન, ક્રૂડ તેલમાં ૨૬૪૮ બેરલ્સ, કોટનમાં ૧૩૪૪૨૫ ગાંસડી, સીપીઓમાં ૮૫૩૦૦ ટન, મેન્થા તેલમાં ૧૫૨.૨૮ ટન અને કપાસમાં ૨૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૫ અને નીચામાં રૂ.૬૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૬.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૮ અને નીચામાં રૂ.૧૫૭.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૨ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૬૦ અને નીચામાં રૂ.૧૨૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૮૩.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૧ અને નીચામાં રૂ.૨૩૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫૩.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૩ અને નીચામાં રૂ.૮૪.૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૬.૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૧.૭ અને નીચામાં રૂ.૪૦.૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૯.૩ બંધ રહ્યો હતો.

# ભારતમાં બનેલ કોરોના વેક્સિનની બોલબાલા: દુનિયાના ૯ દેશોએ માંગી

ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોના વાયરસની બે વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે પરવાનગી મળવાની સાથે જ દુનિયાની નજરો હવે ભારત પર છે. દુનિયાના મોટાભાગના દેશ ભારતની કોરોના વેક્સિન લેવા માગે છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ જાયર બોલસોનારોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી ભારત બાયોટેકની વેક્સિનના ૨૦ લાખ ડોઝ તાત્કાલિક આપવા અનુરોધ કર્યો છે. જો કે, પહેલાં વેક્સિન પાડોશી દેશોને આપવામાં આવશે. તે બાદ અન્ય દેશોને આપવામાં આવશે. કોરોના મહામારી વચ્ચે દુનિયામાં વેક્સિનની આતુરતાથી રાહ જોવા રહી છે. ભારતમાં બે વેક્સિનના ઉપયોગને પરમિશન મળ્યાં બાદ બ્રાઝિલ, મોરક્કો, સઉદી અરબ, મ્યાંમાર, બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા જેવા દેશોએ ભારત પાસેથી વેક્સિનની માગ કરી છે. સૂત્રોનું માનીએ તો, વેક્સિન વિતરણમાં ભારત સરકાર બાંગ્લાદેશ, ભૂતાન, નેપાલ, શ્રીલંકા અને અફઘાનિસ્તાન જેવા પાડોશી દેશોને મહત્વ આપશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે, ભારત શરૂઆતથી જ દુનિયા સાથે કોરોનાની જંગ લડી રહ્યું છે. અમે આ દિશામાં સહયોગ આપવાને પોતાના કર્તવ્ય તરીકે લઈએ છે. અમારો પ્રયાસ છે કે, આ જંગમાં અમે દુનિયાની વધુમાં વધુ મદદ કરી શકીએ.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની " ૨૦૨૧નું નવું વર્ષ,પ્રેમભાવ,બદલાતી જીવન શૈલી" વિષય ઉપર આજથી અખબાર માં પ્રસિદ્ધ થશે.આજે પાંચ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.વેબસાઈટ ઉપર પણ અખબાર. ગ્રુપ રચનાઓ અપલોડ કરવામાં આવે છે.

NOG સાહિત્ય સરિતા(૧)

NOG SS NO. - 0036

વિષય -પ્રેમભાવ

વિભાગ - પદ્ય

પ્રેમભાવ

પ્રેમે પાથરેલો પ્રભાવ છે તો છે,
સખી,અદકો પ્રેમભાવ છે તો છે.
નીતરતી લાગણીને શું કહેવું ?
પરસ્પર પ્રીત લગાવ છે તો છે.
અંતરના આયને પ્રીતનો સંદેશો,
ભીતર ભીનો સ્વભાવ છે તો છે.
પ્રેમનો પ્યાલો પી મસ્ત થઈએ,
છલકતાં સ્નેહની નાવ છે તો છે.
તડકે કરી છાંયો પાંપણે બેસાડું,
હોઠે હાસ્ય એ સુઝાવ છે તો છે.
મળ્યાં છે સંબંધો જાણે બક્ષર,
ઉષ્માભર્યો સ્વભાવ છે તો છે.
અત્તર બની મહેકે છે સંબંધો,
હૃદયે પ્રભુ પ્રેમનો પડાવ છે તો છે.

અરુણાબેન ત્રિવેદી,અમદાવાદ

---

NOG SS No :- 0051

પ્રકારઃ પદ્ય

શબ્દઃ જીવનશૈલી,પ્રેમભાવ

માંડવે બંધાવ્યા મંડપ,
રૂડાં તોરણીયા બંધાય રે...
જાન આવી તોરણે,
સાસુ વરરાજા પોંખવા જાય રે...
ઢોલ-નગારા શરણાઈ ,
સાથે સ્વાગતમાં ફૂલડાં વેરાય રે...
પ્રીતનું પાનેતર પહેરાવી ,
શણગાર સાથે ચૌરીમાં કન્યા પધરાવી રે
જીવનશૈલીના ચાર ફેરા ફરી,
વર-કન્યા ભવોભવના સાથી બન્યાં રે...
દીકરીને પ્રેમભાવ સાથે,
સાસરીયે વળાવે રે....
માતા -પિતાના આંગણાનું પક્ષી,
પાંખો આવતા ઊડી ગયું રે...
દીકરી વિના સૂનું લાગશે આંગણું,
દીકરી વ્હાલ નો દરિયો રે...
બન્ને કુળને તારશે,
જેને આંગણ દીકરીનો અવતાર રે...

ઉર્વશી મહેતા,અમદાવાદ.

---

NOG SS No :-0038

શીર્ષક :- પ્રેમભાવ....??.

વિભાગ :- પદ્ય

સજાવી સમણાં નયનમાં
હૃદયે કંડારી પ્રેમની છબી,
હરખથી હરખી ઊડતી આભમાં
આવી તુજ બાગમાં બેઠી.
જીવન નૈયા સોંપી હાથમાં
તુજ સંગ રોજ વિહરતી,
ખુદને ખોઈ બેસી તુજ દિલમાં
તુજ વિના હું ડગ ના ભરતી.
ઘેલી બની હું ભીંજાઈ તુજમાં
નજર સદાય તુજમાં રહેતી,
નદી બનીને ભળતી સાગરમાં
તુજ સંગ રોજ હિંડોળે ચડતી.
નિભાવી સાથ જીવું આ જગમાં
તુજ થકી સદા મહેકી ઉઠતી,
સમાવી અસ્તિત્વ મારું તુજમાં
"આકાંક્ષા"તું જ થકી પૂરી કરતી.

શીલાપટેલ " આકાંક્ષા " ગાંધીનગર

---

NOG SS NO- 0026

પ્રકાર - પદ્ય

પ્રેમભાવ - મારા વિચારો.

પ્રેમભાવ એટલે પહેલી પ્રીતનું પહેલું ચુંબન,
પ્રેમભાવ એટલે સતત પ્રિયતમ,
નામથી બોલાવે એવું ગુંજન.
પ્રેમભાવ એટલે પહેલા વરસાદમાં,
મોરનો પહેલો ટહુકો..
પ્રેમભાવ એટલે પ્રિયતમની નજર,
સાથે નજરનો નયનમટકો.
પ્રેમભાવ એટલે કુંવારી પહેલી ધડકન,
પ્રેમભાવ એટલે જવાનીનું પહેલું પગથિયુ,
નેનજર સામેથી સરી જતું બચપણ.
પ્રેમભાવ એટલે કૃષ્ણની વાંસળીમાંથી,
અવિરતપણે સરી જતું રાધાજીનું નામ,
પ્રેમભાવ એટલે મીરાં ના વિષ ભરેલા,
પ્યાલાને અમૃત સરીખું કરી દેતું
કાન્હાનું નામ...

અંજના ગાંધી "મૌનું" વડોદરા

---

NOG SS No :- 0044

પ્રકારઃ- પદ્ય

શીર્ષકઃ- પ્રેમભાવ (સાઈજીકી)

૧. પ્રેમથી જીવીએ
પ્રેમભાવ
રાખી
જિંદગીની મજા માણો.

૨. વન્ય પશુઓમાં
પ્રેમભાવ
જોઈ
હેયું થયું ગદગદ.

૩. પ્રેમભાવ રાખો
પશુપંખી
જીવે
જગમાં નિર્ભય બની.

૪. પરસ્પર રાખો
પ્રેમભાવ
રાજી
રાખે ભગવાન સૌને.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા




# વિચાર વિમર્શ.

## નકારાત્મક શબ્દો નો સકરાત્મક અર્થ

આપણી ઘણા નકારાત્મક સબ્દો નો અર્થ હકારત્મક થતો હોય છે. જે મ કે અ-ભય અ-હિસા,અ--જીત,અ-પૂર્વ,અનાન્હાકાર, અદ્રોહ અ-ક્રોધ, અપરાજિત વગેરે. આ શબ્દો માં આવતો " અ" શબ્દ નકરાત્મક શબ્દ છે. જો શબ્દ વયજન હોય તો " અ" લાગે છે જ્યારે શબ્દ નો પહેલો અક્ષર સ્વર હોય તો અન અક્ષર લાગે છે. અ કે અન ના ઘણા અર્થ થાય છે તેમાં એક અર્થ થાય છે અભાવ. એટલેકે અમુક વસ્તુ કે સ્થિતિ નું નાં હોવું . તે પ્રમાણે અ હિંસા નો અર્થ એ થાય છે કે હિંસા નાં હોવી. અ-ભય એટલે ભય ના હોવો, અદ્રોહ એટલે જેમાં દ્રોહ નાં હોવો,અને અનઃકાર એટલે જેમાં અહંકાર નાં હોવો..

અહી અહીસા નો અર્થ થાય છે કેવ્યક્તિ માં હિસા નો ભાવ નાં હોવો પણ એનો અર્થ એવો પણ નથી થતો કે એમાં પ્રેમ ભાવ છે, હિસા નથી તેજ માત્ર ભાવ પ્રદેર્ષિત થાય છે. એવીજ રીતે ભય ના હોય એટલે તેનામાં હિમત પણ હોય તેવું બનતું નથી એક નાનું બાળક સાપ ને અજાનતા પકડે તો તેના માં ભય નો અનસાર પણ નથી તેથી તે અભય ના કેહવાય.કારણ કે હજુ ભ્રમમાં જીવે છે.તેવીજ રીતે તે હિમતવાન છે તેમ પણ ના કહી શકાય.ગાડો કે અર્ધપાગલ વ્યક્તિ પોતાને રાજા માને તો તેનામાં અંહકાર છે તેમ ના કહી શકાય કારણકે તે સભાન નથી.પણ તે પૂર્ણ રૂપે અહમ ભાવ થી મુક્ત છે તેમ ના કહી શકાય. આમ અહીસા એટલે પ્રેમ નહી,અને અ -ભય એટલે હિમત નહી —આ રીતે અ અને અન થી મદદ થી અમુક ભાવ બતાવાય છે એટલોજ અર્થ બીજો કોઈ ભાવ છે તેવી અર્થ નીકળતો નથી. આંમ નકરાત્મક શબ્દો નો ઉપયોગ કરી ભાવ પ્રદર્શિત કરવા પાછળ મનુષ્ય ના મન નો અભ્યાસ છે. ઘણીવાર માણસ ને આ કરવું જોઈએ તેમ ના કહેતા આ ના કરવું જોઈએ તે વધરે પ્રભાવ પાડે છે.અને તેના કારણે મનુષ્ય ના ગુણો નો વિકાસ થાય છે.ગીતા માં પણ ગુણોનું વર્ણન નકારાત્મક સબ્દો થી કરવામાં આવ્યું છે.જો હિસા ને બદલે પ્રેમ શબ્દ ઉપયોગ કરે તો તેનો અર્થ બદલી જાય.

ઉપર ઉપર થી આ ઉપરના બે કથનો એકબીજા ના વિરોધી લાગે પણ વાસ્તવ માં બે એકજ દિશામાં જવાની સુચન કરે છે.આ રીતે શબ્દો હકરાત્મક હોય કે નકારાત્મક હોય પણ બંને સ્થિતિ માં મનુષ્ય ને ફાયદો જ થાય છે.અહી નકારત્મક સલાહ થી નુકશાન અને હક્ત્માંક્ત સલાહ થી લાભ થાય તેવું બનતું નથી બંને પરિસ્થિતિ માં લાભ જ થાય છે. હિસા ના કરવી અને પ્રેમ કરવો તેવી સલાહ આપવાથી અહીસા ને લાભ થશે અને પ્રેમ ને પણ લાભ થશે.તેમ છતાં અહીસા એ નકારાત્મક સલાહ છે જ્યારે પ્રેમ એ સકારત્મક સલાહ છે.પણ માણસ નું મન હમેશા નકરાત્મક પર વધુ પડતું ધરતું હોય છે. તે ઝડપ થી નકારાત્મક ને સ્વીકારી લે છે. બીજું વ્યક્તિ ને જે ટેવ પડી હોય તેના વિરુધ કેહવાથી તે ટેવ છોડવાનો નથી દાખલા તરીકે હિસા માં રચ્યો પચ્યો રેહતો માણસ ને પ્રેમ ની વાત જલ્દી ગળે નહિ ઉતરે. પણ તું હિંસા ના કરીશ અહીસક બન તો તે જલ્દી અસર થશે.કારણકે હિંસા ની ટેવ છોડવાની વાત છે જયારે પ્રેમ એ નવી શરૂઆત છે.અસત્ય બોલનાર ને સત્ય બોલવાનું કહી શકાય .અને તે શેહલાઈ થી નીછ્ચ પૂર્વક તેનું પાલન કરી શકે.

તેને માટે જરૂરી છે જૂની બુરી ટેવો ને છોડવાની. વારમ વાર સારી બાબતો ને અનુસરવાની.અનેતેથી લાંબા ગાળે તે ટેવ માંથી છૂટી જવાસે.અને સારી વસ્તુ તરફ વળશે. તે ખરાબ ટેવ ધીમે ધીમે છોડવા માડે છે ત્યાંરે તેના માં અપોઅપ સદગુણો ની સરવાણી ફૂટે છે. રોજ સંકડો હિસા માં જોડાયેલ માનવી થોડી થોડી હિસા ઓછી કરે તો તે આપોઆપ પ્રેમ તરફ નું પ્રયાણ કરે જ છે. અને સમ્પૂર્ણ હિસા બંધ કરે ત્યારે તેનામાં ભરપુર પ્રમાણ માં પ્રેમ સ્કુરે છે. આ દુનિયા પ્રેમમય લાગે છે.આમ નકારાત્મક શબ્દો નો હકારત્મક અર્થ થી માનવ ના જીવન માં ઘણું બધું પરિવર્તન આવે છે.

દુર્ગણમાં સબડતો માણસ જેટલા પ્રમાણ માં દુર્ગણ છોડે તેટલા પ્રમાણ માં તેના માં સદગુણો ખીલે છે.દુર્ગણ પણ ઓછા વધતા પરમાંન માં હોઈ શકે છે.પણ વધતા ઓછા પ્રમાણ ની સ્થિતિ એક સરખી હોતી નથી. જો આ ભેદ સમજાય તો નકરાત્મક સબ્દો નો પણ કોઈ ભેદ ના રહે.અને તેનો સકારાત્મક અર્થ સમજી શકાશે.

શુભમ ભવતું

ભરત દવે

# અરવલ્લી એલસીબીનો સપાટો

## જીવણપુર નજીક સ્કોર્પિઓમાંથી ૧.૫૧ લાખ અને ઈકો કારમાંથી ૫૮ હજારનો દારૂ ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે સતત બીજા દિવસે જીલ્લાના હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથધરી સ્કોર્પિઓ અને ઇકો કારમાં થતી વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો મોડાસાના જીવણપુર ગામ નજીકથી સ્કોર્પિઓ ગાડીનો ફીલ્મી ઢબે પીછો કરી ૧.૫૧ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો અન્ય એક ટીમે ભિલોડા-શામળાજી રોડ પર રીંટોડા ગામ નજીકથી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી પસાર થતા અમરાઈવાડીના બુટલેગરને ઝડપી લઇ ઈકો કારમાંથી ૫૮ હજારથી વધુનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અરવલ્લી એલસીબી પીઆઇ આર કે પરમાર અને તેમની ટીમે બુટલેગરો સામે સખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે એલસીબી પોલીસે ટીંટોઈ ગામ નજીક વાહન ચેકીંગ દરમિયાન શામળાજી તરફથી પુરઝડપે આવી રહેલ સ્કોર્પિઓ ગાડીને અટકાવવાનો પ્રયાસ કરતા ગાડી ચાલકે સ્કોર્પિઓ દોડાવી મુકતા પોલીસે પીછો કરી જીવણપુર ગામ નજીક સ્કોર્પિઓમાં રહેલ બુટલગર રોડ પર ગાડી મૂકી ફરાર થઇ જતા એલસીબી પોલીસે સ્કોર્પિઓ ગાડીમાંથી વિદેશી દારૂની ૨૫૨ બોટલ કીં.રૂ.૧૫૧૨૦૦/-નો જથ્થો જપ્ત કરી સ્કોર્પિઓ ગાડી કીં.રૂ.૭ લાખ મળી કુલ રૂ.૮૫૧૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અરવલ્લી એલસીબી પોલીસની અન્ય એક ટીમે શામળાજી-ભિલોડા રોડ પર પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે જેશીંગપુર ગામના વસંત બરંડા અને વનરાજ નામના બુટલેગરો એ એક ઈકો કારમાં વિદેશી દારૂ ભરી આપ્યો હોવાની અને ઈકો કાર શામળાજી તરફ આવતી હોવાની બાતમી મળતા રીંટોડા ગામ નજીક એલસીબી પોલીસે નાકાબંધી કરી બાતમી આધારિત ઈકો કાર આવી પહોંચતા અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ-ક્વાંટરીયા નંગ -૨૫૨ કીં.રૂ.૫૮૮૦૦/- ના જથ્થા સાથે અમદાવાદ ભીમપાર્ક એપાર્ટમેન્ટ માં રહેતા રોહિત હસમુખલાલ બેલાણી નામના બુટલેગરને દબોચી લીધો હતો ઈકો કાર,વિદેશી દારૂ મળી કુલ રૂ.૨૫૮૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે બુટલેગરો સામે ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી વિદેશી દારૂ ભરી આપનાર બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# પરિસ્થિતિનો શિકાર થયેલા લોકો પ્રત્યે આપણું કર્તવ્ય છે કે જેમની પાસે જે ક્ષમતા હોય તેમાંથી દશમાં ભાગનું દાન કરોઃ મોરારીબાપૂ




રામાયણ કાળના ધાર્મિક તેમજ પૌરાણિક સ્થળ ધનુષકોડી રામસેતુ રામેશ્વરમાં કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખતા વહીવટીય નિયંત્રાણોની સાથે પાછલા નવ દિવસથી ચાલી રહેલી રામકથાનો આજે પૂર્ણાહૂતિનો દિવસ હતો.

વ્યાસપીઠ પર બિરાજીત શબ્દશીલ પૂજ્ય મોરારીબાપૂએ આજે કથાના આરંભમાં ગીતાવલી રામાયણમાંથી શિવ પાર્વતીના એક પ્રસંગના સંદર્ભમાં કહ્યુ કે, દરેક બાબતનો 'અર્થ' શોધવા કરતા સારું છે કે તેમાંથી 'પરમાર્થ'ની શોધ કરવામાં આવે કારણ કે રામ પરમાર્થ રૂપ છે, રામ સંકોચિત નથી.

રામાયણમાં ચારેય ભાઇના નામકરણ વિધિને તુલસીદાસે માનીયે તો રામ-નામનુ સ્મરણ કરનારાઓ માટે એક પ્રક્રિયા બતાવી છે કે રામનામ સ્મરણ કરનાર કોઇનું પણ શોષણ ન કરે, ભરતની જેમ પોષણ કરે, શત્રુઘ્નની જેમ શત્રુ-બુદ્ધનો નાશ કરે અને લક્ષ્મણની જેમ બધાનો આધાર બનો. બાપૂએ કરૂણાથી તળબોળ પૂર્વભર્યા વાક્યોમાં કહ્યુ કે, આ દુનિયામાં કોણ પણ જીવને ભીખ માંગવી ગમતી નથી. મજબૂરી અને પરિસ્થિતિઓના શિકાર થયેલા લોકોની પ્રત્યે આપણું કર્તવ્ય છે કે જેમની પાસે જે ક્ષમતા હોય તેમાંથી દશમાં ભાગનું દાન કરો : આ ક્ષમતા નાણાંની હોય, બુદ્ધિની હોય કે પદ-પ્રતિષ્ઠાની હોય. ગરીબી હટાઓની વાતો તો બહુ થઇ, તેમ છતાં, હજી પણ ઘણી ગરીબી છે. ચીજવસ્તુઓની ગરીબી ક્યારેય થવી જોઇએ નહીં, સ્વભાવની ગરીબી હોવી જોઇએ. ભૌતિકતાની માત્ર આલોચના કરવાથી અથવા ગરીબી હટાવવાની મોટી-મોટી આધ્યાત્મિક વાતો કરવાથી કંઇ જ નહી થાય. જે પૃથ્વી પર છે, તેમની ભૌતિકતા આવશ્યક છે.

દરેક ગરીબનું પોતાનું એક મકાન હોવુ જોઇએ. સરકાર કરી રહી છે, પરંતુ ઘણા બધા કામ હજી બાકી છે. રાજ્ય સરકાર પણ કરે, વ્યાસપીઠ પણ કરે. કોઇ નહી કરે તો કાળ કરશે, કાળના કાળ મહાકાલ, મહાદેવ કરશે.

આવી રીતે આપણે બધા સાથે જોડાઇયે અને પ્રકૃતિના અનુરૂપમાં સેતુબંધને સાર્થક કરીયે. જડ સ્વરૂપમાં રામસેતુ બને કે ન બને, રામ રાજ્યમાં એક-બીજા વચ્ચેના પ્રેમનો સેતુ બન્યો હતો, તેવો પ્રેમનો સેતુ બની જાય તો પણ ઘણુ છે.

આજે, આ બાબત હું કોઇ પ્રાસંગિક ઘટનાને જોઇને નથી બોલી રહ્યો, હુ મારા ૬૦ વર્ષના કથા-વાચનમાં, પહેલાથી જ મારો લક્ષ્ય, મારા નિર્ધાર આ જ હતો અને આજે પણ છે. મારી વ્યાસપીઠ રામ-નામ અને રામ-કામ બંને કરી રહી છે. મે મારી કથાને જીવ રેડીને સીંચી છે, આજે આ વેલ વટ-વૃક્ષ બની છે.

રામેશ્વર ભગવાનની સ્થાપના કરીને ત્યાં હાજર સમાજને નિમિત બનાવીને રામજી એ દુનિયાને સંદેશો આપ્યો કે જે શિવને માનશે અને મારી નિંદા કરશે અથવા મને માનશે અને શિવની નિંદા કરશે, તેની અધોગતિ થશે. તે શૈવો અને વૈષ્ણવો વચ્ચેનો સેતુ હતો. દેશના પક્ષીઓ ઇચ્છે છે કે સંતુબંધ થાય, મારા દેશના ઋષિઓ ઇચ્છે છે કે સેતુબંધ થાય, મારા દેશના મહાદેવની ઇચ્છા છે કે સેતુબંધ થાય. ધનુષકોડીની આ કથાને બાપૂએ ઐતિહાસિક અને આધ્યાત્મિક, સ્થૂળ અને સૂક્ષ્મ, બંન વચ્ચેનો સેતુ કહ્યો. દરેક બાજુથી કથા સફળ રહી, ફળદાયી રહી.

કોરોનાની વેક્સીન અંગે જણાવતા બાપૂએ કહ્યુ કે, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રીને હું અભિનંદન આપુ છે, તેમણે વેક્સીનની માટે બહુ મોટી કામગીરી કરી છે. જ્યાં શુભ થતુ હોય, તે પ્રશંસનીય છે. મારું તમામથી એક પ્રામાણીક અંતર છે. સરકારથી મારી કોઇ લેતી-દેતી નથી. આજે રામકથાની પૂર્ણાહુતિના દિવસે, બાપૂએ રામકથાના પ્રસંગોમાંથી પ્રસાર થતા, પ્રત્યેક પ્રસંગમાંથી સેતુબંધનું સુક્ષ્મ દર્શન કરાવ્યુ. આ કથાના સુવ્યવસ્થિત આયોજન અને સેવાના રામ-કાર્યની પ્રશંસા કરતા, ઘણી પ્રસન્નતાની સાથે બાપૂએ કહ્યુ કે, આ કથાએ ઘણી બધી યાદગીરીઓનો પાયો નાંખ્યો છે.

પાછલા દિવસે, ૧૦૦૮ પોંગલ-અભિનંદન આપવાના સેવા-કાર્યને લઇને બાપૂએ પ્રસન્નતા વ્યક્તિ કરી અને જણાવ્યુ કે, તેમણે ત્યાંથી ભિક્ષા પણ લીધી હતી. બાપૂએ આગામી તહેવાર મકર સંક્રાતિ અને પોંગલની તમામ શુભકામના પાઠવી હતી. તમામ લોકો ખુશ રહે, પ્રસન્ન રહે તેમ સત્ય, પ્રેમ, કરુણાના ચરણોમાં સુરક્ષિત કરે એવા આશિર્વાદની સાથે આ નવ દિવસની રામકથાની પૂર્ણાહુતિ કરી.

# ભિલોડાઃ કસ્ટડીમાંથી ફરાર વોન્ટેડ બુટલેગર ઝડપી પાડવા બે રાજ્યોમાં પોલીસના ધામા

અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા પંથકના વિરપુર ત્રણ રસ્તેથી વાહન ચેકીગ દરમ્યાન ગાંભોઈ પોલીસ સ્ટેશન અને અડાલજ(ગાંધીનગર)પોલીસ સ્ટેશનનો વોન્ટેડ બુટલેગર સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા(રહે,ભાટ,ગાંધીનગર ) ને ઝડપી લીધો હતો આરોપીની અટક કરી ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે લાવી હતી અને આ વોન્ટેડ બુટલેગર પોલીસને થાપ આપી ધરપકડ ના છ કલાકમાં જ પોલીસ કસ્ટડીમાંથી ભાગી પોલીસ સ્ટેશન બહાર ઉભેલી કારમાં નાસી જતાં પંથકમાં ચકચાર મચી હતી.બુટલેગર ફરાર થતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી જીલ્લા પોલીસે બુટલેગ સંદીપ ઉર્ફે મોન્ટુને ઝડપી પાડવા રાજસ્થાન,ઉત્તરપ્રદેશ, અમદાવાદ સહીત ગાંધીનગર અને સંભવીત સ્થળોએ તપાસ હાથધરી છે સમગ્ર કેસની તપાસ કરી રહેલ ડીવાયએસપી ભરત બસીયાએ ભિલોડા પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ લઇ એનાલીસીસ હાથધર્યું છે

કઈ રીતે ઝડપાયો નામચીન બુટલેગર અને કઈ રીતે ફરાર થઇ ગયો વાંચો સમગ્ર ઘટનાક્રમ

ભિલોડા પોસઈ કે.કે.રાજપૂત સહિત ૪ પોલીસ કોન્સ્ટેબલોની ટીમ દ્વારા ગત બુધવારની બપોરે પંથકના વીરપુર ત્રણ રસ્તે વાહન ચેકીંગ દરમ્યાન એક ઈસમની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને કોર્ડન કરી ઝડપી લેવાયો હતો.અને નામઠામ પુછતાં આ આરોપીએ પોતાનું નામ સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા ઉ.વ.૨૭ અને પોતે ભાટ તા.જી.ગાંધીનગર નો રહીશ હોવાનું જણાવ્યું હતું.પોલીસ ટીમે ઈ-ગુજકોટ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ શખ્શ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશન ના ગુના નોંધાયા હોવાનું જણાવ્યું હતું. પોલીસ ટીમે ઈ-ગુજકોપ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ શખ્શ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશનના ગુના નોંધાયા હોવાનું જણાઈ આવ્યું હતું.અટક કરાયેલ આ શખ્શ વોન્ટેડ આરોપી હોવાનું જણાતાં જ તેને બુધવારે બપોરે ૧૫.૩૦ વાગે ભિલોડા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો.અને સીઆરપીસી કલમ ૪૧(૧)હેઠળ અટક કરી ફરજ પર ના પીએસઓ ને સોંપાયો હતો.આ વોન્ટેડ આરોપી ઝડપી પડાતાં જે પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હોય તે પોલીસ સ્ટેશનો ખાતે અને અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં આ આરોપી વિરૂધ્ધ કોઈ ગુના નોંધાયેલ છેકે કેમ ? તે જાણવા સાબરકાંઠા અને અરવલ્લી પોલીસ સ્ટેશનોમાં મેસેજ કરી દેવાયા હતા.પરંતુ રાત્રે ૮.૧૫ કલાકે એકાએક પોલીસ કસ્ટડીયામાં રહેલ આ આરોપી એ પોલીસ સ્ટેશનમાંથી નાસી છુટવા દોટ લગાવી હતી અને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ વોલના મેઈન દરવાજાનની બહાર નીકળી ગયો હતો. જયારે આ આરોપી ને ભગાડી જવા પોલીસ સ્ટેશન બહાર ઉભેલી સ્કોડા ગાડી નં.જીજે.૧૬ એજે ૯૦૩૬ માં બેસી આ આરોપી ભાગી છુટયો હતો.આ ચકચારી ઘટનાની જાણ થતાંજ પોસઈ સહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશને ધસી આવ્યા હતા.અને પોલીસ કસ્ટડીમાંથી જ ભાગી ગયેલ આ આરોપી અંગે ઉચ્ચકક્ષાએ જાણ કરી જુદીજુદી ટીમો દ્વારા આ આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરાઈ હતી.

ભિલોડા પોલીસની કામગીરી સામે જ સવાલો સર્જનાર આ ઘટનાને લઈ આરોપીને ઝડપી લેવા જિલ્લા પોલીસની ટીમો કામે લગાવાઈ હતી. આ આરોપીને સ્કોડા ગાડીમાંથી બેસાડી ભગાડી જનાર ચાલક સહીત ભાગેડૂ આરોપી વિરૂધ્ધ પોલીસે વધુ એક ગુનો નોંધી આ ફરાર બુટલેગરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે


ઓજસ્વીની ભરતી અભિયાન

"ત્રિશુલ દિક્ષા"

હિન્દુસ્તાનની બહેન દીકરીઓ સુરક્ષિત રહી નથી ત્યારે સમય આવી ગયો છે કે બહેન દીકરીઓ એ બીજાના ઉપર નીરભર ન રહી પોતે દુર્ગા, ઝાંસીની રાણી બની અસામાજિક તત્ત્વો, લુખ્ખા-લંફગા, અધર્મી, લવ જેહાદી જેવા ગુંડાઓ નો જડબાતોડ જવાબ આપવા તૈયાર થવું જ પડશે.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ની પાંખ એવી "ઓજસ્વીની" માં જોડાઈ આવા વિધર્મી ઓ સામે લડવા દુર્ગા બનવું જ પડશે.



सक्रिय हिंदू , जागृत हिंदू, हिंदू ही आगे

गर्वसे कहो हम हिंदू है

હર્ષોબેન જાજલ 9924817929
શૌલેષભાઈ વધાસિયા 8238888882
દિનેશભાઈ અણઘણ 9979966999
નરેશભાઈ સાવલિયા 9825354957
હસમુખભાઈ રૈયાણી 9879691522
મનિષભાઇ વાઘાણી 7405463667

રાષ્ટ્રીય મહિલા પરિષદ
ઓજસ્વીની
સુરત મહાનગર

જય શ્રી રામ

આથી ગુજરાતના સુરત મહાનગરમાં ટૂંક સમયમાં જ યોજાવા જઈ રહેલા ઓજસ્વીની "ત્રિશૂલ દીક્ષા" કાર્યક્રમ માં વધુમાં વધુ સુરત શહેરની હિન્દુ બહેન દીકરીઓ જોડાઈ અને ત્રિશૂલ ધારણ કરે તેવી વિનંતી......

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના તમામ નાન મોટા જવાબદાર, અધિકારી, હોદ્દેદારો દ્વારા ઓછામાં ઓછી પાંચ પાંચ બહેનોના નામ,સરનામું, મોબાઇલ નંબર સાથે સંસ્થાની નાના વરાછાની મુખ્ય કાર્યાલય ઉપર સંપર્ક કરી નામની નોંધ કરાવવા સૂચવવામાં આવે છે.

## ગુજરાત સમાચારની અમેરીકા એડીશન સાથે સંકળાયેલા બે એરીયાના પત્રકાર શ્રી રાજેશ શાહનું દુ:ખદ અવસાન



ગુજરાતી અનેક સામાજીક સંસ્થા સાથે સંકળાયેલા અને અનેક ગુજરાતી ન્યુઝ પેપરમાં સમાચાર મોકલનાર શ્રી રાજેશ શાહનું કોરોના થી અવસાન થયું છે, તેઓ ૬૪ વર્ષની ઉંમર ધરાવતા હતા. ગુજરાત સમાચાર (USA), ગુજરાત દર્પણ , ગુજરાત ટાઈમ્સ, ફીલીંગ મેગેઝીન વગેરે અખબારમાં તેમનું પત્રકારત્વમાં અનોખુ યોગદાન હતું, અમદાવાદમાં મૌલીક એડ્સના તે માલીક હતા, તેમનું ૯ મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયું છે. તેમના અચાનક અવસાન ગુજરાતી અને ભારતીય સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. સ્વ. રાજેશભાઈ છેલ્લા ૨૦ વર્ષ થી ( બે એરીયા ) ફ્રીમોન્ટ કેલિફોર્નિયામાં વસતા હતા, તેમની નિસ્વાર્થ કામગીરી તેમજ ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટેના અથાગ પ્રયાસો હતા, બે એરીયાની ગુજરાતી સંસ્થાઓ જેવીકે બે એરીયા ગુજરાતી સમાજ, બેઠક , ટહુકો, જાનવિકા ગૃપ ,ઓટલો ગૃપ , જૈન દેરાસર, વૈષ્ણવ હવેલી , BAPS વગેરે સંસ્થાઓ માં હજર રહીને સક્રીય રીતે રીપોટીંગ કરતા હતા. ZOOM ઉપર શ્રધ્ધાંજલી સભામાં લગભગ ૨૦૦ જેટલી સામાજીક તથ ધાર્મિક સંસ્થાના અગ્રગણીઓ હાજર રહીને તેમને અશ્રુભીની શ્રધ્ધાંજલી આપી હતી. તેઓ છેલ્લા ૨૦ થી ૨૫ દિવસથી કોરોનાની ઝપટમાં આવી ગયા હતા અને શ્રી કૃષ્ણ ભગવાને તેમને બોલાવી લીધા. તેઓશ્રીની પત્ની જયશ્રીબેન, બાળકો મૌલીક,ઋત્વિક, તથા વડીલ ઈન્દીરાબાને અને સમગ્રકુટુંબને ગુજરાતી સમાજ તથા જીછ પત્રકાર મંડળ તરફથી હાર્દિક શ્રધ્ધાંજલિ... પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગત્ત ના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાથના... જયશ્રી કૃષ્ણ.

## રાજપીપળામાં દરેક શાળા પ્રવેશ દ્વારે દરેક વિદ્યાર્થીઓને થર્મલ સ્ક્રીનીગ ગને થી ટેમ્પરેચર માપી અને સેનેટાઈઝર કરાયા

# કોરોના વેકેશન બાદ રાજપીપળા સહિત નર્મદા જિલ્લાની ધોરણ ૧૦-૧૨ ની શાળાઓ શરૂ થતાં શાળાઓ પુન:ધમધમી ઉઠી

### રાજપીપળા ખાતે આજે ધોરણ ૧૦ -૧૨ ની તમામ શાળાઓ રાબેતા મુજબ શરૂ થતાં પ્રથમ દિવસે ૪૦% જેટલી વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી.



રાજપીપળા,તા.૧૧

૯ મહિનાના લાંબા કોરોના વેકેશન અને લોકડાઉન બાદ રાજપીપળા સહિત નર્મદા જિલ્લાની ધોરણ ૧૦ -૧૨ ની આજથી શાળાઓ શરૂ થતા શાળાઓ પુન: ધમધમી ઊઠી હતી. ખાલીખમ મેદાનો અને ખાલીખમ્મ વર્ગખંડો વિદ્યાર્થીના આગમનથી જીવંત બન્યા હતા.પછી આજે ધોરણ ૧૦ -૧૨ ના વિદ્યાર્થીઓ દફતર પુસ્તકો લઈને પોતાની શાળામાં આવતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.જોકે રાજપીપળા ખાતે આજથી ધોરણ ૧૦- ૧૨ ની તમામ શાળાઓ રાબેતા મુજબ શરૂ થતાં પ્રથમ દિવસે ૪૦ ટકા જેટલી વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી હતી.જે એક સપ્તાહ પછી સંખ્યા રાબેતા મુજબ થવાની વકી આચાર્યોએ જણાવી હતી.

આજે રાજપીપલા ખાતે જીલ્લા શિક્ષણ અધિકારી જયેશ પટેલે સરકારી હાઈસ્કુલ રાજપીપળા તથા નવદુર્ગા હાઈસ્કુલ સહિત વિવિધ શાળાઓની મુલાકાત લીધી અને બાળકો તથા વિદ્યાર્થીઓને માસ્ક ફરજિયાત પહેરવા અને સોસીયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખવા તથા તેનું પાલન કરવા યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આજે પ્રથમ દિવસે રાજપીપળામાં દરેક શાળાના પ્રવેશદ્વારે દરેક વિદ્યાર્થીઓને થર્મલ સ્ક્રીનીંગ ટેમ્પરેચર માપીને સેનેટાઈઝર કરાયા હતા. વર્ગખંડોમાં સોશિયલ ડિસન્સ્ટ સાથે વિદ્યાર્થીઓને બેસાડી શિક્ષણકાર્ય શરૂ કરાતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.કોરોના ના ડર ને કારણે વાલીઓ પોતાના બાળકોને પહેલે દિવસે શાળાએ મૂકવા પણ આવ્યા હતા.

આ અંગે નર્મદા જિલ્લા શિક્ષણ અધિકારી જયેશ પટેલે મુલાકાતમાં જણાવ્યું હતુ કે શાળા કોલેજોમાં કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન થશે. એટલું ભનાવાયું હશે,તેની પરીક્ષા લેવાશે. માસ પ્રમોશન નહીં મળે વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નહીં. જે બાળકોને કોરોના ને કારણે શાળાએ ન આવી શકે તેવા વિદ્યાર્થીઓ ની ઓનલાઇન પણ વર્ગની સુવિધા ચાલુ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી.નિયમોના પાલનની જવાબદારી અધિકારી,આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે વાલી અને સંમત પત્ર આપવો પડશે.ધોરણ- ૯- ૧૦- ૧૧ /૧૨ ના વર્ગો ઓડ ઈવન સિસ્ટમ થી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓના કે માતા પિતાની સંમતિ લેવી ફરજીયાત છે.જો કોઈ વાલી પોતાના વિદ્યાર્થીઓને સ્કૂલમાં મોકલવામાં આવતો હોય તો તે માટે ઓનલાઇન શિક્ષણ પણ ચાલુ રહેશે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

## જાયન્ટ્સ પરિવારે જરૂરિયાતમંદ બાળકો અને વૃધ્ધોને સ્વેટર અને ધાબળાની હૂંફ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સતત કમોસમી વરસાદ બાદ વાતાવરણમાં પારો નીચે ઉતરતા હાડ થીજવતી ઠંડીથી બચવા લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓમાં અગ્રેસર રહેતા જાયન્ટ્સ પરિવારે શહેરના જરૂરિયાતમંદ બાળકો અને વૃધ્ધોને ઠંડી સામે રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સ્વેટર અને ધાબળાનું વિતરણ કરી માનવતાની હૂંફ આપવાનો પ્રયત્ન કર્યો હતો

જાયન્ટસ મોડાસાએ બાળકો ને સ્વેટર નું વિતરણ કરવામાં આવ્યું હતું મોડાસા જાયન્ટ સતત જરૂરિયાત મંદ લોકો માટે કામ કરતું રહ્યું છે. હાલ ઠંડીની સીઝનમાં બાળકો વૃદ્ધો ઠંડી થી ધ્રુજી રહ્યા છે ત્યારે જાયન્ટસ ઝોન ઉપપ્રમુખ નિલેશ જોશી એ જરૂરિયાત મંદો માટે સહાય રૂપ કઈ રીતે થઇ શકે તે અંગે જાયન્ટ્સ પરિવારના સદસ્યો સાથે વિચાર વિમર્શ કરી સ્વેટર અને ધાબળા આપવાનું નક્કી કરી શહેરના માલપુર રોડ ઉપર પંડ્યાવાસ, તેમજ આજુબાજુના વિસ્તારના બાળકો ને સ્વેટર અને વૃદ્ધો ને ધાબળા વિતરણ કરતા બાળકો અને વૃધ્ધોમાં આનંદ છવાયો હતો આ સેવાકીય પ્રવૃત્તિમાં ટ્રસ્ટી નિલેશ જોશી, જાયન્ટ ના પ્રમુખ નરેન્દ્ર પટેલ,જાયન્ટ ના મંત્રી પ્રવીણ પરમાર અને સભ્યો અમિત કવિ,ગીતાબેન પટેલ અને પીઢ પત્રકાર ભરત કડિયા પણ જોડાયા હતા પંડયાવાસના આગેવાનો જાયન્ટ્સની સેવાકીય પ્રવૃત્તિની સરહાના કરી હતી

### દરેકનું ટેમ્પરેચર ગનથી તપાસ

## ૨૯૦ દિવસ પછી શૈક્ષણીક સંકુલો ધમધમી ઉઠ્યા, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સની ચુસ્ત અમલવારી



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના સંક્રમણને પગલે રાજ્યમાં ૨૩ માર્ચ-૨૦૨૦ થી શૈક્ષણીક કાર્ય બંધ રાખવાની ફરજ પડતા શાળાઓને તાળા લગાવી દેવામાં આવ્યા હતા વિદ્યાર્થીઓ ઘરેથી ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા હતા પરંતુ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટના ધાંધિયાને પગલે અનેક વિદ્યાર્થીઓએ ઓનલાઈન શિક્ષણથી વંચીત રહેવું પડ્યું હતું ૩૦૧ દિવસ પછી ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કરતા સોમવારે શૈક્ષણિક સંકુલ ધમધમી ઉઠ્યા હતા અરવલ્લી જીલ્લામાં આવેલ ૨૦૦ થી વધુ શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પહોંચતા શૈક્ષણિક સંકુલ વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠ્યા હતા તમામ શાળાઓમાં સરકારે જાહેર કરેલ કોવીડ-૧૯ ની ગાઈડલાઈનનો સંપૂર્ણ અમલવારી કરવામાં આવી હતી જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલે મોડાસાની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને આવકાર્યા હતા

અરવલ્લી જીલ્લાની ૨૦૦ થી વધુ શાળાઓમાં અભ્યાસ કરતા ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓમાંથી ૨૪૫૬૬ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓએ લેખીત સંમતિ આપી હતી જેમાં ધો.૧૦ માં સંમતિ આપનાર ૧૫૭૮૫ વિદ્યાર્થીઓમાંથી ૫૧૭૪ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પહોંચ્યા હતા જયારે ધો.૧૨ માં સંમતિ આપનાર ૮૭૮૧ વિદ્યાર્થીઓ માંથી ૨૧૫૭ વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ અભ્યાસ માટે શાળાએ પહોંચતા શાળા પરિવારે અને જીલ્લા શિક્ષણાધિકારી અને સ્ટાફે આવકાર્યા હતા શૈક્ષણીક સ્ટાફ અને વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતા પહેલા થર્મલગન થી તાપમાન માપવામાં આવ્યું હતું અને માસ્કનું પણ વીતરણ કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓમાં શિક્ષણ કાર્ય શરૂ થતા હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ સંચાલક મંડળો અને તંત્ર દ્વારા શાળાઓમાં વર્ગખંડોની સાફ સફાઈ,સેનેટાઈઝેશન ની કામગરી પૂર્ણ કરી દેવાઈ હતી અને સોમવારે પ્રવેશ દ્વારે પૂરતી તકેદારીઓ અને સ્ટાન્ડર્ડ ઓપરેટીગ પ્રોસીજર હેઠળ વિદ્યાર્થીઓને હરખથી આવકાર્યા હતા

## પોલીસ કોન્સ્ટેબલનું અકસ્માતમાં મોત, એક જ દિવસમાં બે પોલીસકર્મીઓ ગુમાવ્યા



પત્ની સાથે શાકભાજી લેવા નીકળેલા પોલીસ કોન્સ્ટેબલનું અકસ્માતમાં મોત થતા પોલીસબેડામાં ફરી એકવાર શોક છવાયો છે. ઉલ્લેખનીય છે કે રવિવારે અમદાવાદના રેન્જ IG કેસરીસિંહ ભાટીનું નિધન થયું હતું તેવામાં અન્ય એક પોલીસ કોન્સ્ટેબલના મોતના સમાચાર સામે આવ્યા છે. સરખેજ-ધોળકા રોડ પર શક્તિનગરના નાકા પાસે રવિવારે રાત્રે ૮ વાગ્યે પુરઝડપે આવતા બાઈક ચાલકે સ્કુટરને ટક્કર મારતાં સરખેજ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ યોગેશભાઈ પરમાર અને તેમના પત્ની રોડ પર પટકાયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જયારે મૃતકના પત્નીની સારવાર ચાલુ છે. આ બનાવ અંગે યોગેશભાઈના પિતરાઈ ભાઈ નિરવભાઈ બારડે બાઈક ચાલક વિરુદ્ધ એમ ડિવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ



**આજે બારડોલી ખાતે સૂરત જિલ્લા યુવા મોરચાની બૃહદ કારોબારી બેઠકમાં જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી યોગેશભાઈ પટેલ શ્રી દિપકભાઈ વસાવા યુવા ભાજપના પ્રમુખ શ્રી અંકુરભાઈ દેસાઈ તેમજ પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ કરશન ભાઈ ની વિશેષ ઉપસ્થિતિમાં આગામી સ્થાનિક ચૂંટણીના અનુસંધાને વિવિધ યોજનાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી**

**સુરત--જયંતિ કાકડિયા**

## અનિવાર્ય સંજોગોને કારણે સોમનાથ ટ્રસ્ટની બેઠક મોકૂફ

સોમનાથ,તા.૧૧

સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યુઅલી બેઠક મોકૂફ રાખવામાં આવી છે. સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યૂઅલી નવા અધ્યક્ષની નિમણૂંક સહિતના મુદ્દે યોજાવાની હતી. જેમાં સોમનાથ ટ્રસ્ટના નવા ચેરમેનની પંસદગી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહની ઉપસ્થિતિમાં સોમનાથ ટ્રસ્ટની બેઠક યોજાવાની હતી. પરંતુ આ બેઠક કેન્સલ કરી દેવામાં આવી છે. આ બેઠકમાં કેશુભાઈ પટેલના નિધનથી ખાલી પડેલ સોમનાથ ટ્રસ્ટના ચેરમેનપદની જગ્યાએ નવા ચેરમેનનની પંસદગી કરવામાં આવનારી હતી.

સોમનાથ મંદિર ટ્રસ્ટની વર્ચ્યુઅલી સ્વરૂપે મળનારી સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી અને હર્ષવર્ધન નિવેટીયામાંથી કોઈ એકની ટ્રસ્ટના ચેરમેન તરીકે પસંદગી કરવામાં આવી શકવાની સંભાવના હતી. આ બેઠકમાં મંદિરના શિખર ઉપર લગાવવામાં આવનાર સોનાના કળશ, મ્યુઝિયમ અને અન્ય પ્રકલ્પોના આગામી આયોજનની પણ ચર્ચા થવાની હતી. સોમનાથ ટ્રસ્ટની આજે મળનારી વર્ચ્યુઅલ બેઠક મોકૂફ રાખવાની જાહેરાત પી.એમ.ઓ માંથી ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી પી.કે.લહેરીને જાણ કરાઈ હતી.

## ફાયર સેફટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ હોમ સેફટી વિષય ની તાલીમ યોજાઈ

ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી પાલનપુર ......જન સેવા એજ પ્રભુ સેવા ગ્રુપ પાલનપુર .. માતૃશ્રી હીરાબા ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે ×કૈજિં કૈંદ્ધ .ફાયર સેફટી . ડિઝાસ્ટર મેનેજમેન્ટ. હોમ સેફટી વિષય ઉપર ખુબ જ સુંદર ટ્રેનિંગ વર્કશોપ યોજાયો ..આ ટ્રેનિંગમાં પ્રહર્ષ ભાઈ નાંદી માસ્ટર ટ્રેનર હોલિસ્ટર ટ્રેનિંગ સર્વિસિસ કલોલ certified trainer usa and uk ઉપસ્થિત રહીને સર્વે તાલીમાર્થીઓને પ્રેક્ટિકલ અને થીયરિકલ ખુબ જ સરસ તાલીમ આપી ...આ કાર્યક્રમમાં દરેક મેમ્બર ને તાલીમ નું સર્ટીફીકેટ આપવામાં આવ્યું કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંજયકુમાર એન ચૌહાણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી..dpo સાહેબ હાજર રહ્યા હતા...કાર્યક્રમ માં ઉપસ્થિત મહેમાન શ્રી અને સહયોગી મિત્રો ગુલાબ ના ફૂલ નો છોડ ભેટ આપવા માં આવ્યો હતો અને વૃક્ષારોપણ નો એક સંદેશ પાઠવવા માં આવ્યો.. આ ઉપરાંત અહેમદભાઈ હાડા ભક્ષયચંદભાઈ પટેલ ઉપેશભાઈ રાજગોર કમલેશ ભાઈ સોની જયેશભાઈ સોની રાજુભાઈ પરમાર હિતેશભાઈ મેવાડા ભાર્ગવ ભાઈ ઠક્કર હિતેશભાઈ બારોટ અને ગ્રુપના સર્વે સભ્યો ઉપસ્થિત રહી ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો કાર્યક્રમ માં સૌ મિત્રો માટે કોરોના રક્ષક આયુર્વેદિક ઉકાળા ની સુવિધા કરવામાં આવી હતી .....કાર્યક્રમ માં સહકાર આપનાર સૌ મિત્રો નો ખુબ ખુબ આભાર..

## માણાવદર તાલુકામાં કોરોના રસીકરણની સજ્જતા ચકાસવા ૩ સ્થળોએ યોજાઈ ડ્રાય રન

(જીજ્ઞેશ પટેલ દ્વારા )




વૈશ્વિક મહામારી કોરોના પડકાર ને પહોંચી વળવા આરોગ્ય વિભાગ દ્વારા પુખ્ત વયના લોકો માટે સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ થશે. આ સંદર્ભે કોરોના રસીના વિતરણ ને લઈને કોઈ સમસ્યા ના સર્જાય અને અડચણો ના નિવારણ માટે માણાવદર તાલુકા માં ૩ સ્થળો એ ડ્રાય રન નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં માણાવદર ની લાયન્સ સ્કૂલ તેમજ બાંટવા અને નાકરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નો સમાવેશ થાય છે.

માણાવદર ખાતે લાયન્સ સ્કૂલ માં આયોજન કરેલ હતું જેમાં પ્રતિક્ષા ખંડ, ડોક્યુમેન્ટ વેરિફિકેશન, રસીકરણ રૂમ, નિરીક્ષણ ખંડ દ્વારા વિવિધ તબકકા વાર વેકસીનેશન કરવામાં આવ્યું હતું.તેનું નિરીક્ષણ કર્યું હતું. જે અંગે ની માહિતી આપતા સરદારગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના આયુષ ઓફિસર ડો.પી.જી. કાસુન્દ્રા તથા તેમના સ્ટાફ કર્મચારીઓ અશોકભાઈ આરદેશણા, નયનભાઈ ડાંગર, શ્યામ અદોદરિયા, મિહિર વિરપરિયા દ્વારા કરવામાં આવેલ હતું.આ ડ્રાય રન આગામી સમયમાં માણાવદર તાલુકા માં વેકસીનેશન ની કામગીરી સફળતાપૂર્વક થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ બાબતો નું નિરીક્ષણ જૂનાગઢ જિલ્લાના ક્વોલિટી મેડિકલ ઓફિસર ડો.સંજય કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જે લોકો નું તબકકાવાર વેકસીનેશન કરવાનું છે. તેની કરાયેલ તૈયારીઓ ની સમીક્ષા કરવામાં આવી જેમાં ડોર ટુ ડોર સર્વે કરી સિનિયર સીટીઝનો અને ગંભીર રોગો થી પીડાતા નાગરિકો ની માહિતી સર્વે દ્વારા એકત્ર કરી છે.




### દાખલ દર્દીઓ હોસ્પિટલની બહાર દોડી આવ્યા,લોકો ઉમટ્યા

## મોડાસાની ક્રિષ્ના હોસ્પિટલમાં શોર્ટ સર્કીટથી ધડાકાભેર બ્લાસ્ટ થતા અફળા તાફળી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજયમાં હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાઓ સતત બની રહી છે હજુ તો બે દિવસ અગાઉ મહારાષ્ટ્રના ભંડારાની હોસ્પિટલમાં શોર્ટ સર્કિટથી આગ લાગવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે મોડાસા શહેરની મેઘરજ રોડ પર આવેલ ક્રિષ્ના હેલ્થકેર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રવિવારે સાંજે ભોંયતળિયે શોર્ટ-સર્કીટ થયા બાદ જબરજસ્ત ધડાકાભેર બ્લાસ્ટ થતા હોસ્પિટલ સહીત આજુબાજુનો વિસ્તાર બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યો હતો હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમના પરિવારજનો અને સ્ટાફ હોસ્પિટલની દોડી આવ્યા હતા બ્લાસ્ટના પગલે ભારે અફરાતફરી મચી હતી હોસ્પિટલમાં શોર્ટસર્કીટ થી આગ પ્રસરે તે પહેલા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો હોસ્પિટલમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળ્યા હતા સદનસીબે જાનહાની ટળતા હોસ્પિટલના સત્તાધીશોએ રાહતનો શ્વાસ લીધો હતો

મોડાસા શહેરની નામાંકીત મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ક્રિષ્ના હેલ્થકેરમાં રવિવારે સાંજના સુમારે ભોંય તળિયે આવેલ સ્ટોરેજ રૂમમાં શોર્ટ સર્કીટ થી આગ લાગવાની સાથે ધડાકાભેર બ્લાસ્ટ થતા હોસ્પિટલ અને આજુબાજુનો વિસ્તાર ધ્રુજી હતો અચાનક બ્લાસ્ટ થતા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દીઓ અને તેમના પરિવારજનોમાં જીવ બચાવવા ભાગદોડ મચી હતી હોસ્પિટલ સ્ટાફ પણ હોસ્પિટલ છોડી રોડ પર દોડી ગયો હતો ધડાકાભેર બ્લાસ્ટના પગલે આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા દર્દીઓમાં બ્લાસ્ટના પગલે ભયભીત બન્યા હતા સદનસીબે હોસ્પિટલના ભોંય તળીયે આગ લાગતા જાનહાની ટળી હતી હોસ્પિટલમાં શોર્ટ સર્કિટના પગલે મોડાસા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ હોસ્પિટલમાં પ્રસરે તે પહેલા કાબુ મેળવી લેતા દર્દીઓ અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો શોર્ટ સર્કિટ થી આગ લાગી હોવાનું બહાર આવતા યુજીવીસીએલની ટીમ પણ પહોંચી હતી હોસ્પિટલમાં બ્લાસ્ટ થતા વીજપ્રવાહ ખોરવાતા થોડો સમય હોસ્પિટલમાં અંધારપટ છવાયો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.